

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે સર્વિસ રોડનુ પણ પેવરકામ હાથ ધરાયુ છે. સે-૬ થી ઘ-૨ સુધીના વિસ્તારમાં સ્થિત સર્વિસ રોડ છેલ્લા કેટલાક સમયથી ખરબચડો થઈ ગયો હતો. તંત્ર દ્વારા આ માર્ગનુ પેવરકામ હાથ ધરાયુ છે

# જળસંકટ હળવુ કરવા ગાંધીનગરને પાંચ એમ.એલ.ડી. વધુ પાણી અપાશે

## ગ્રામ્ય વિસ્તારને પણ વધુ ૪ એમ.એલ.ડી. પાણી અપાશે ગાંધીનગરમાં હવે દૈનિક પેયજળ જથ્થો ૬૩ એમ.એલ.ડી. મળશે

**(પ્રકાશ જહા)** ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં પેયજળની સમસ્યાને હળવી કરવા માટે ૯ એમ.એલ.ડી. જેટલો જથ્થો નર્મદામાંથી વધારાનો મેળવવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં હાલ જે ૫૦ એમ.એલ.ડી. જથ્થો મેળવવામાં આવે છે તેમાં ૫ એમ.એલ.ડી.નો વધારો કરવામાં આવશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારની માંગને પહોંચી વળવા માટે ૪ એમ.એલ.ડી. જથ્થો વધારાનો મેળવવામાં આવશે.

તંત્ર દ્વારા આ અંગેની દરખાસ્ત તૈયાર કરી અને ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડને સુપ્રત કરી દેવામાં આવી છે અને તે અંગેનો વધારો આગામી એક-બે દિવસમાં જ અમલી બની જશે.

ગાંધીનગર શહેરમાં નર્મદાનું હાલ ૫૦ એમ.એલ.ડી. પાણી મેળવવા ઉપરાંત નગરના સ્થાનિક સ્ત્રોતોમાંથી પણ ૮ એમ.એલ.ડી. જથ્થો મિશ્રિત કરી નગરમાં પુરો પાડવામાં આવે છે. આમ હાલ શહેરમાં ૫૮ એમ.એલ.ડી. જથ્થો પુરો પાડવામાં આવી રહ્યો છે.

હવે વધારાનો પાંચ એમ.એલ.ડી. જથ્થો ઉમેરાતાં તે ૬૩ એમ.એલ.ડી. જથ્થો થશે અને આનાથી શહેરની સમસ્યા હળવી બનશે તેવો વિશ્વાસ તંત્ર રાખી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં જ પાણીનો જથ્થો અને ફોર્સ ઓછો હોવાથી એન્ડ પોઈંટ સુધી ન મળવાની ફરિયાદો વધી હતી.

બીજી તરફ આકરા ઉનાળાને કારણે ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણીની માંગમાં વધારો થવા પામ્યો છે. આ અંગે મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૧૭૧ જેટલા ગ્રામ્ય વિસ્તારને હાલ નર્મદાનું પાણી અપાઈ રહ્યું છે. તેમાં ૪ એમ.એલ.ડી. પાણીનો જથ્થો વધારવામાં આવતાં તેમજ ગ્રામ્ય વિસ્તારના સ્થાનિક સ્ત્રોતોના વપરાશ પર પણ તંત્ર નજર રાખશે.

ગ્રામ્ય વિસ્તારમાં ૪ એમ.એલ.ડી. જથ્થો વધારવાની સાથે પાણીની સમસ્યા હળવી થશે

● અનુસંધાન પાન-૭ પર

# ગરમીને કારણે જિલ્લાના જનસેવા કેન્દ્રો સવારે ૯ કલાકે ખુલશે

ગાંધીનગર, તા. ૩

શાળા કોલેજોમાં એડમિશન, આવાસ યોજના તથા અન્ય યોજનાકીય લાભો મેળવવા જરૂરી આવકના દાખલા અને પ્રમાણપત્રો માટે આવતા નાગરિકો માટે ઉનાળાની ગરમીને કારણે જિલ્લાના જનસેવા કેન્દ્રો સવારે ૯-૦૦ કલાકે શરૂ કરવાનો નિર્ણય જીલ્લા કલેકટર ડૉ. વિક્રાંત પાંડેએ કર્યો છે.

આથી પ્રજાજનો સવારે ૯-૦૦ કલાકથી જરૂરી આવકના દાખલા અને પ્રમાણપત્રો મેળવી શકશે. જિલ્લા જનસેવા કેન્દ્ર સવારે ૯ વાગ્યે શરૂ થવાની નિર્ણયને અરજદારોએ ભારે રાહતની લાગણી અનુભવી છે. ખાસ કરીને ગરમીના દિવસોમાં આ નિર્ણય ઉપકારક રહેશે.

# સરકારી મિલ્કત પર ચિપકાવેલી જાહેર ખબરો દુર કરવા કોર્પોરેશનની નોટીસ

## સ્ટ્રીટ લાઇટના થાંભલા સહીત સરકારી જાહેર મિલ્કત પર બેનર્સ, પેમ્ફલેટસ ચિપકાવી દેવાતા નગરની સુંદરતાને ઠેસ : જાહેરાતો દુર નહીં થાય તો કાયદેસરની કાર્યવાહી કરાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના જાહેર માર્ગો જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. નગરના માર્ગો આસપાસ સ્ટ્રીટ લાઇટના થાંભલા સહીત અન્ય સરકારી મિલ્કતો પર જાહેરખબર દર્શાવતા બેનર્સ , પેમ્ફલેટ તેમજ ચોપાનિયા ચિપકાવી દેવા સામે કોર્પોરેશનના તંત્રએ લાલ આંખ કરી છે. આ મામલે આ પ્રકારની હરકત બદલ કોર્પોરેશને નોટીસ આપવાનુ પણ શરૂ કરી દીધુ છે. જેમાં ત્રણ દિવસમાં જ જવાબદાર વ્યકિતને પોતાના બેનર્સ કે પેમ્ફલેટ દુર કરવા માટે પણ નોટીસમાં જણાંવાયુ છે.

શહેરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા છેલ્લા કેટલાક સમયથી જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. શહેરમાં અંદાજિત ૧૮ હજાર જટેલા સ્ટ્રીટ લાઇટના થાંભલા છે. રાત્રિના સમયે સેકટરોમાં કેટલાક ઠેકાણે આ પૈકી ઘણાં ખરા થાંભલા બંધ હોવાની ફરિયાદો પણ વધી છે. બીજીતરફ આ થાંભલાઓ પર વિવિધ વેપાર ધંધાની જાહેરાત માટે પેમ્ફલેટસ તેમજ હોર્ડીંગ્સ ચિપકાવી દેવામાં આવતા સ્ટ્રીટ લાઇટના પોલ્સના ઉપયોગ અને નગરની સુંદરતા સામે પણ સવાલો મંડરાયા છે. સ્ટ્રીટ લાઇટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બનતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. જો કે કોર્પોરેશનનુ તંત્ર હવે આ મામલે જાગૃત થયુ છે. કોર્પોરેશન દ્વારા આ મામલે નોટીસ આપવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. જેમાં જણાંવાયા મુજબ ઘ-૨ પેટ્રોલ પંપ પાસે સ્ટ્રીટ લાઇટના થાંભલા તેમજ શહેરના અન્ય ઠેકાણે પણ સરકારી મિલ્કત પર બેનર્સ પેમ્ફલેટ સહીતની જાહેરખબરો ચિપકાવામાં આવી છે. સે-૬ લગાવામાં આવેલ છે. જેના લીધે શહેરની સુંદરતાને ઠેસ પહોંચે છે. બેનર્સ પોસ્ટર્સ , ચોપાનિયા દુર કરવા માટે મહાનગરપાલિકાએ ખર્ચ કરવો પડે છે. શહેરના જાહેર સ્થળો સરકારી મિલ્કતો લાઇટના થાંભલા પર લગાવેલી જાહેરખબરો ત્વરિત દિન ત્રણ દિવસમાં દુર કરવા માટે પણ જણાંવાયુ છે. જો આ પ્રકારના બેનર્સ ચોપાનિયા દુર કરવામાં નહીં આવે તો મહાનગરપાલિકા ગુજરાત પ્રોવેનશયલ મ્યુનિ કોર્પોરેશન એકટની જોગવાઇ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તે પણ તાકીદ કરાઇ છે.

# નવા સેકટરોમાં વ્યાપક બનતો પાણીનો કકળાટ

## નવા સેક્ટરોમાં પૂરા ફોર્સથી પાણી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદ : સેક્ટર-૫માં એક સપ્તાહથી ડહોળુ પાણી આવતુ હોવાની પણ ફરિયાદ : આરોગ્ય સામે ખતરાની ઘંટડી

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના નવા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આકરી ગરમીના દિવસોમાં નવા સેકટરોમાં ફાર્સથી પાણી ન આવતા સ્થાનિક રહીશોમાં રોષની લાગણી વ્યાપી છે. આ અંગે નવા સેકટરોમાં ગુણવત્તા યુકત પાણી ફોર્સથી સપ્લાય કરવામાં આવે તેવી વ્યસ્થા કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ દિનપ્રતિદિન વધી રહ્યો છે. શિયાળાના દિવસોની સાપેક્ષમાં ગરમી દરમિયાન શહેરમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. ઉનાળાની આકરી ગરમીમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે રોજ અંદાજિત ૬૦ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરના નવા સે-૧ થી ૮ માં છેલ્લા કેટલાક દિવસોથી પુરતા ફોર્સથી પાણી આવતુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# આર. અર્બન હેઠળ સમાવાયેલા ગામોમાં પાણીની હાલત વધુ કફોડી

## તંત્ર પણ ઉદાસીન; સરકાર કોઈ જ ગ્રાન્ટ છેલ્લા દસકાથી ફાળવતી જ નથી : નમૂનારૂપ ગામોમાં થયેલી કામગીરી પછી બધુ ઠપ્પ

ગાંધીનગર, તા. ૩

રાજ્યમાં આર. અર્બન હેઠળ સમાવાયેલા ગામોમાં પાણી પુરવઠા યોજના અંતર્ગત કોઈજ ગ્રાન્ટ ફાળવવામાં આવી ન હોવાથી આ ગામોના પરા અને પેટા પરાઓમાં પેયજળની સમસ્યાના ઉકેલના કોઈ પગલાં જ છેલ્લા એક દસકાથી લેવાતા નથી.

આર. અર્બન વિલેજ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી જ્યારે આ વિસ્તારોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધી સાર્ધશતાબ્દિની ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન

અમદાવાદ, તા.૩

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મના ૧૫૦ વર્ષ અને નવજીવન ટ્રસ્ટની સ્થાપનાના ૧૦૦ વર્ષની ઉજવણી નિમિતે નવજીવન ટ્રસ્ટ દ્વારા વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આવતીકાલે આવિર્ભાવ સ્કૂલ ઓફ ક્રિએટીવ આર્ટસના સહયોગથી ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે સાંજે ૭-૦૦ વાગ્યે ગાંધી મૂલ્યોનો સંદેશ આપતી મહાત્મા-એક અનંત શકિત નૃત્ય નાટિકા રજૂ થશે, જયારે એચ.કે.આટ્ર્સ કોલેજ હોલમાં રાત્રે ૯-૩૦ વાગ્યે મોહનનો મસાલો નાટક રજૂ કરવામાં આવશે. મહાત્મા ગાંધીના સત્ય, અહિંસા,

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓ કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારો ધક્કે ચડ્યા

## બે દિવસથી લાયસન્સ સહીત વાહનોના નંબરો પાડવાની પ્રક્રીયા પણ અટવાઇ : ઓનલાઇન એપોઇન્ટમેન્ટના અંતો પણ ધક્કા ખાઇ પરત થવુ પડે છે

ગાંધીનગર તા ૩

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં છેલ્લા બે દિવસથી ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોના કામો અટવાયા છે. આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. જેના લીધે લાયસન્સ માટેના ટેસ્ટીંગ ટ્રેકની કામગીરી પણ અટવાઇ છે. બીજીતરફ વાહનોના નંબરો પાડવાની પ્રક્રીયા પણ વિલંબમાં પડતા પેન્ડીંગ નંબરના કેસ પણ વધ્યા છે.

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ હોવાની સાથે અરજદારોને ઓનલાઇન એપોઇન્ટમેન્ટ આપી તેમનો સમય ન બગડે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવે છે. પરંતુ આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થવા સહીતની ટેકનિકલ ખામીના લીધે અરજદારોએ વારંવાર ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં અરજદારોએ અનેક રીતે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. કચેરીમાં પ્રવેશતા જ પાર્કીંગની સમસ્યા મુખ્ય બની છે. ત્યારે છેલ્લા બે દિવસથી ટેકનિકલ ખામીના લીધે નાગરિકોએ આકરી ગરમીમાં ધક્કા ખાઇને વિલા મોં એ પરત થવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં બે દિવસથી કામગીરી ઠપ્પ થઇ ગઇ છે. જેના લીધે ડ્રાઇવીંગ ટ્રેક પર લાયસન્સનો ટેસ્ટ પણ લઇ શકાતો નથી. બીજીતરફ ઓનલાઇન એપોઇન્ટમેન્ટ લઇને આવેલા

● અનુસંધાન પાન-૭ પર



ફનીની દૂર દૂર અસર - વાતાવરણ બદલાયું...

# શહેરના શોપિંગ બજારમાંથી ૫૦ કીલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરાયો

## સે-૬, ૭ અને સે-૨૧ તેમજ સે-૨૪માં તંત્રની ટીમ ત્રાટકી અને પ્લાસ્ટીકની કોથળી તેમજ ચા ના કપ સહીતનો જથ્થો જપ્ત કર્યો

ગાંધીનગર તા ૩

શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. પ્લાસ્ટીકના લીધે પ્રદુષણ ન ફેલાય તેમજ ૪૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટીકના ઉપયોગ સામે રોક લગાવાયો છે. સ્વાસ્થય તેમજ પર્યાવરણ માટે હાનિકારક ગણાંતા આ પ્રકારના પ્લાસ્ટીકના જથ્થાને ઝડપી લેવા માટે કોર્પોરેશનની ફાયર ટીમ દ્વારા આજે અભિયાન હાથ ધરાયુ હતુ. જેના અંતે સે-૬,૭ સે -૨૧ અને સે-૨૪ માંથી આજે ૫૦ કીલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરાયો હતો. દુકાન તેમજ ગલ્લામાં ઉપયોગમાં લેવાતા ચા ના કપ સહીત પ્લાસ્ટીકની કોથળીનો જથ્થો તંત્રએ જપ્ત કર્યો હતો.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે નવતર પ્રોજેકટ અન્વયે કામ હાથ ધરવાનુ આયોજન કરાયુ છે.શહેરની સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવી રહી છે. જયારે હરિયાળા શહેરમાં ગ્રીનરી વધુ નિખરે તે માટે પણ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બીજીતરફ ગંદકી તેમજ પ્લાસ્ટીકના પ્રદુષણમાંથી શહેરને ઉગારવા માટે પણ સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા માટે પણ નગરના શોપિંગ બજારોમાં દુકાનો પર તંત્રની ટીમ ત્રાટકી હતી. શહેરમાં ચા ની કીટલીઓ તેમજ પાનના ગલ્લા સહીત વિવિધ દુકાનો પર ૪૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટીકની બેગ્સ તેમજ કપનો ઉપયોગ થઇ રહ્યો છે. જયારે આ પ્રકારની પ્લાસ્ટીકની થેલી તેમજ કપ જન આરોગ્ય તેમજ પર્યાવરણ માટે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



મારા પૂજ્ય પિતાશ્રી **શરદ શંકર મૂળે** નો તા.૨૮-૪-૨૦૧૯ને રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૫-૫-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં.૧૫૬/૧, સેક્ટર-૩/એ ન્યુ, ગાંધીનગર.**

| | |
|---|---|
| ઊષાબેન શરદ મૂળે (પત્ની) | સંતોષ શરદ મૂળે (પુત્ર) |
| ચારૂ મહેશ ઐનાપુરે (દિકરી) | ઉજ્વલા સંતોષ મૂળે (પુત્રવધુ) |
| કલ્યાણી મનોજ કાળે (દિકરી) | તથા સમસ્ત મૂળે પરિવાર |

ફર્મ : એસ.બી.ઈલેક્ટ્રોનિક્સ, જીઆઈડીસી, સેક્ટર-૨૫, ગાંધીનગર

## પ્રાર્થનાસભા



અમારા માતૃશ્રી **નિશાબેન નવીનચંદ્ર વૈષ્ણવનું** અવસાન તારીખ ૩/૫/૨૦૧૯ શુક્રવારના રોજ થયું છે. **સદ્‌ગતની પ્રાર્થનાસભા તારીખ ૪/૫/૨૦૧૯નો શનિવારના રોજ સાંજે ૫-૩૦ થી ૭-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : વરિયા પ્રજાપતિ સમાજની વાડી, સેક્ટર-૨૮, ગાંધીનગર**

| | |
|---|---|
| કલ્યાણી નિશિથ વૈષ્ણવ | નિશિથ નવિનચન્દ્ર વૈષ્ણવ |
| ઉર્મિ ફાલ્ગુન જોશીપૂરા | અર્થ નિશિથ વૈષ્ણવ |
| દિપ્તિ પંકજ જોશીપૂરા | કરિશ્મા, ચિંતન, ચિનાર, |
| પ્રતિક્ષા નયન અવાશિયા | રાહુલ, નિષ્ઠા, શૈલી, |
| કુંજન તપન બુચ | ઉદિત, રોહન, નિસર્ગ, |
| રાખી ગૌરવ હાથી | ખ્વાહિશ |

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ધુમ મચાવે છે ગાંધીનગરમાં (તદ્દન નવા ખેલો સાથે)
દર રવિવારે બે (શો), સાંજે ૬ તથા રાત્રે ૯ કલાકે
करन जादूगर
लिबर्टी स्टेच्यू, ऊँट और कार गायब
TICKETS ALSO AVAILABLE ON bookmyshow
રંગમંચ, સેક્ટર-૨૭, ગાંધીનગર M.94265 12208

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com